# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **વિશ્વ આર્થિક મંચમાં ગુજરાતનો વિકાસ રોડમેપ રજૂ કરવા સ્વિત્ઝરલેન્ડ પહોંચેલા રાજ્યના પ્રતિનિધિમંડળનું મિલાનમાં ઉષ્માભર્યું સ્વાગત.**
2. **ખાસ મતદાર સુધારણા અભિયાન અંતર્ગત મતદાર યાદી સંલગ્ન દાવાઓ અને વાંધાઓ રજૂ કરવાની સમયમર્યાદાને વધારી 30મી જાન્યુઆરી સુધી કરાઇ.**
3. **સુરત S.O.G.એ પાંચ કરોડ 85 લાખની કિંમતના કોબ્રાના ઝેર સાથે સાત લોકોની ધરપકડ કરી.**
4. **રાજ્યમાં ઠંડીનું જોર યથાવત્ રહેવાની હવામાન વિભાગની આગાહી**
5. **ગીર સોમનાથના પ્રભાસપાટણમાં રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનો પ્રારંભ.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# HARSH SANGHVI

સ્વિત્ઝરલેન્ડના દાવોસ ખાતે વર્લ્ડ ઇકોનોમિક ફોરમની બેઠક શરૂ થઇ ગઇ છે. રાજ્યના નાયબ મુખ્મયંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં પહોંચેલા ગુજરાતના પ્રતિનિધિ મંડળનું મિલાન ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. મિલાનમાં થયેલા સ્વાગત બાદ આ પ્રતિનિધિમંડળ દાવોસ પહોંચ્યુ હતું.

દાવોસ ખાતેની આ આંતરરાષ્ટ્રીય પરિષદમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ગુજરાતના વિકાસનો રોડમેપ રજૂ કરીને આંતરરાષ્ટ્રીય કંપનીઓ ગુજરાતમાં રોકાણ કરવા માટેની ચર્ચા કરશે. હર્ષ સંઘવીએ એક સોશિયલ મીડિયાપોસ્ટમાં આ માહિતી આપી હતી.

---

# SIR

ભારતના ચૂંટણીપંચે સત્તાવાર સૂચના બહાર પાડીને મતદાર યાદી સંલગ્ન દાવાઓ અને વાંધાઓ રજૂ કરવાની સમયમર્યાદાને વધારી 30મી જાન્યુઆરી કરી છે. જેથી હવે મતદારો 30 જાન્યુઆરી, શુક્રવાર સુધી પોતાના દાવા રજૂ કરી શકશે..ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ઝુંબેશની ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ 19 ડિસેમ્બર 2025ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી.

ત્યારબાદ દાવાઓ અને વાંધાઓ રજૂ કરવા માટેનો આખરી દિવસ 18મી જાન્યુઆરી નિર્ધારીત કરવામાં આવ્યો હતો.

---

## TRAFFIC DRIVE - ARVALLI

અરવલ્લી જિલ્લામાં ટ્રાફિકના નિયમોનું પાલન થાય તે માટે શાળા કૉલેજ બહાર RTOની ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરાયું છે. જેને લઈને જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં RTO ટ્રાફિક પોલીસ અને વિવિધ શાળાના સંચાલકો સાથે બેઠક યોજવામાં આવી હતી.

**(બાઈટ : એન. ડી. ચૌધરી, RTO ઈન્સ્પેક્ટર, અરવલ્લી)**

---

## SURAT COBRA POISION

સુરત S.O.G. પોલીસને એક મોટી સફળતા મળી છે. જેમાં ગુજરાતમાં સૌપ્રથમ વખત 5 કરોડ 85 લાખની કિંમતનું કોબ્રા સાપનું ઝેર ઝડપી પાડવામાં આવ્યું છે. આ ઓપરેશનમાં લસકાણા પોલીસે સાત આરોપીની ધરપકડ કરી છે, જેઓ કરોડો રૂપિયાની કિંમતનું આ ઝેર વેચવાની પેરવીમાં હતા. પકડાયેલા આરોપીઓ પાસેથી અંદાજે 6.5 મીલીમિટર કોબ્રા વેનોમ જપ્ત કરવામાં આવ્યું છે, જેની બજાર કિંમત આશરે 5 કરોડ 85 લાખ કરતાં વધુની હોવાનું સામે આવ્યું છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, આ ઝેર અમદાવાદના એક સોની પાસેથી લાવવામાં આવ્યું હતું અને આરોપીઓ તેને સુરતમાં વેચવાની પેરવીમાં હતા. સાપના ઝેરનો ઉપયોગ બ્લડપ્રેશરની દવાઓ બનાવવા માટે થતો હોય છ.

પરંતુ છેલ્લા કેટલાક સમયથી રેવ પાર્ટીઓમાં નશો કરવા માટે પણ તેનો ગેરકાયદેસર ઉપયોગ વધ્યો છે, જેને પગલે પોલીસ હવે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા વધુ તપાસ કરી રહી છે. ધરપકડ કરાયેલા 7 આરોપીમાં સુરતના 2 અને વડોદરાના 5 શખસનો સમાવેશ થાય છે. વન વિભાગ પણ આ તપાસમાં જોડાયું છે અને રિપોર્ટ આવ્યા બાદ વન્યજીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે.

---

# CISF CYCLOTHON

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ દ્વારા દરિયાકાંઠાની સુરક્ષા અને રાષ્ટ્રીય મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે 28મી જાન્યુઆરીથી વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન–2026 યોજાશે.

આ અંગે પત્રકાર પરિષદને સંબોધતા, C.I.S.F.ના પશ્ચિમી ક્ષેત્રના I.G. અભિષેક ગોયલે જણાવ્યું કે, સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત આ વિષય સાથે આ 25 દિવસીય સાયકલ યાત્રા ભારતના મુખ્ય દરિયાકાંઠાના 6 હજાર 500 કિલોમીટરથી વધુ અંતરને આવરી લેશે. C.I.S.F.ના સાયકલિસ્ટોની બે ટીમો એકસાથે પ્રસ્થાન કરશે, જેમાં પશ્ચિમ કિનારે ગુજરાતના કચ્છમાં આવેલા લખપતથી અને પૂર્વ કિનારે પશ્ચિમ બંગાળના બખ્ખાલીથી યાત્રા શરૂ થશે.

## અભિષેક ગોયલ,પશ્ચિમી ક્ષેત્રના IG, CIFS

---

# REPUBLIC DAY BETHAK

**77**મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં અમદાવાદના મકરબા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે. જે સંદર્ભે જિલ્લા કલેક્ટર સુજીત કુમારના અધ્યક્ષસ્થાને સ્થળ નિરીક્ષણ અને સમીક્ષા બેઠક યોજાઈ. આ બેઠકમાં ધ્વજવંદન સમારોહ , પરેડ વ્યવસ્થા, સુરક્ષા અને ટ્રાફિક નિયંત્રણ સહિતના મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

રાજકોટમાં પણ પ્રાંત અધિકારી ચાંદની પરમારના અધ્યક્ષસ્થાને પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંગે સમીક્ષા બેઠક યોજાઇ. તેમણે સંબંધિત તમામ સરકારી વિભાગના અધિકારીઓને તેમના વિભાગને સોંપાયેલ કામગીરી સમયસર પૂર્ણ કરવા સૂચના આપી હતી.

---

# DANG SAHAY

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના નિયામક સમાજ સુરક્ષા ખાતા હેઠળની જિલ્લા સમાજ સુરક્ષા કચેરી આહવા ડાંગ દ્વારા દિવ્યાંગ કલ્યાણ યોજના હેઠળ વિવિધ યોજનાનુ અમલીકરણ કરવામાં આવે છે. જે અંતર્ગત ડાંગ જિલ્લાના 3 તાલુકા આહવા, વઘઇ અને સુબીર માં 925 લાભાર્થીને વિવિધ યોજના હેઠળ 76 લાખ 46 હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે.

**ડાંગ જિલ્લામાં 1 હજાર 24 લાભાર્થીઓ સમાજ સુરક્ષા કચેરીની વિવિધ પેન્શન યોજના હેઠળ લાભ લઈ રહ્યા હોવાનું સમાજ સુરક્ષા અધિકારી સુનિલ રાઠોડે જણાવ્યું હતું.**

## બાઇટ : સુનિલ રાઠોડ

**આ યોજનામાં મળતી સહાયને કારણે જીવનમાં સરળતા રહેતી હોવાનું લાભાર્થી એસ એસ આહિરે જણાવ્યું હતું..**

## બાઇટ : લાભાર્થી , એસ.એસ.આહીર

---

# EVE WEATHER FORECAST

રાજ્યમાં ઠંડીનું જોર યથાવત્ છે. તેવામાં કેટલાક જિલ્લામાં લઘુત્તમ તાપમાનનો પારો 10 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યો છે. હવામાન વિભાગની યાદી મુજબ, આગામી સાત દિવસ લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ છે. તેમજ આ સમયગાળા દરમિયાન વાતાવરણ પણ શુષ્ક રહેશે.

ગત 24 કલાકમાં 10 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે અમરેલી સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે કચ્છના નલિયામાં 11 અને બનાસકાંઠાના ડીસામાં 12 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

---

# HANDBALL COMPETITION - GIR SOMNATH

ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણના ‘સદભાવના મેદાન’ ખાતે સાંસદ રાજેશ ચુડાસમાએ રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો. **69**મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત આ સ્પર્ધામાં સાંસદે ટૉસ ઉછાળી અંડર-**17** ગર્લ્સની ગુજરાત અને દિલ્હી વચ્ચેની લીગ મેચથી પ્રારંભ કરાવ્યો હતો. આ સ્પર્ધામાં વિવિધ રાજ્યોના **600** ખેલાડીઓ પોતાનું કૌશલ્ય દેખાડશે.

શ્રી ચુડાસમાએ તમામ ખેલાડીઓને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવાની શુભકામના પાઠવતાં કહ્યું કે , 'મોબાઈલમાં નહીં, મેદાનમાં રહીએ' તો પ્રતિભા ઉત્કૃષ્ટ રીતે ખીલશે અને શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકાશે.

જિલ્લા કલેકટર એન.વી. ઉપાધ્યાયે કહ્યું કે , ગીર સોમનાથ જિલ્લામાં આ પ્રકારની સ્પર્ધા પ્રથમવાર યોજાઈ રહી છે અને તંત્ર દ્વારા તમામ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

## (બાઇટ - HANDBALL GAMES)

---

# GUJARAT BOARD

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી 28 જાન્યુઆરીએ ધોરણ નવના વિદ્યાર્થીઓની પ્રખરતા શોધ કસોટી લેવાશે. આ માટે વિદ્યાર્થીઓ પોતાના પ્રવેશપત્ર બોર્ડની વેબસાઇટ GSEB.ORG અથવા

**TST.GSEBHT.IN પરથી શાળા દ્વારા આજથી ડાઉનલોડ કરી શકશે. તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.**